# હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર www.hkmhimatnagar.in

## જોઈએ છે જુનિયર ક્લાર્ક જગ્યા-૦૪, સીનીયર ક્લાર્ક જગ્યા-૦૧ અને હેડ ક્લાર્ક જગ્યા-૦૧

હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર સંચાલિત નીચેની કોલેજો માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરના પત્ર ધ્વારા નીચેની જગ્યાઓ ભરવા માટે NOC મળેલ હોઈ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ભરતી કરવા માટે અરજીઓ મંગાવામાં આવે છે

| ક્રમ | કોલેજનું નામ | જગ્યાનું નામ | NOC ક્રમાંક | કુલ જગ્યા | કેટેગરી |
|---|---|---|---|---|---|
| ૧ | ધી. એચ. એન. એસ. બી. લી. સાયન્સ કોલેજ | જુનિયર ક્લાર્ક | કવટ/isc3/વર્ગ-3/ NOC/૨૦૩૪૩-૪૫ તા.૨૦-૦૯-૨૦૨૫ | ૦૨ | બિનઅનામત - ૦૧<br>એસ.ટી - ૦૧ |
| | | જુનિયર ક્લાર્ક | કવટ/isc3/NOC/૨૨ ૮૭૧-૭૩ તા.૧૮-૦૮-૨૦૨૫ | ૦૧ | દિવ્યાંગજન બેન્ચમાર્ક ડીસેબિલિટી કેટેગરી – A (અંધત્વ અને ઓછી દ્રષ્ટી) |
| ૨ | એસ.એસ. મહેતા આર્ટ્સ અને એમ. એમ. પટેલ કોમર્સ કોલેજ | હેડ ક્લાર્ક | કવટ/isc3/વર્ગ-3/ NOC/૨૦૩૯૫-૯૭ તા.૨૦-૦૯-૨૦૨૫ | ૦૧ | બિનઅનામત |
| ૩ | લો કોલેજ | જુનિયર ક્લાર્ક | કવટ/isc3/વર્ગ-3/ NOC/૨૦૩૪૦-૪૩ તા.૨૦-૦૯-૨૦૨૫ | ૦૧ | સા. શૈ. પ. |
| | | સીનીયર ક્લાર્ક | | ૦૧ | બિનઅનામત |

સદર જગ્યા સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તથા સામાન્ય વહીવટી વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ અને લેખિત પરિક્ષાના અભ્યાસક્રમ તેમજ પરિક્ષાના માળખા પ્રમાણે લેખિત પરિક્ષા આપવાની રહેશે. ઉમેદવાર રાજ્ય સરકારશ્રીની માન્ય યુનિવર્સિટી માંથી સ્નાતક પાસ હોવા જોઈએ અને કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. રાજ્ય સરકારશ્રીના ધારા ધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. અન્ય કોઈ પણ ભથ્થા કે લાભો મળવાપાત્ર નથી. વિદ્યાર્થીની સંખ્યા ઘટે અથવા કોઈ કારણસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારોએ જ જાહેરાત પ્રસિધ્ધ થયેલથી દિન- ૨૦ માં SPEED POST થી દર્શાવેલ વેબ સાઈટ પર મુકેલ નિયત નમુના મુજબ અરજી કરવાની રહેશે. અરજી સાથે લાયકાતને લગતા તમામ ડોક્યુમેન્ટ,પાસપોર્ટ સાઈઝનો ફોટો, અનુભવના સર્ટીફિકેટ તથા પોતાના સરનામાં વાળું ૯×૪ નું કવર ઉપર રૂપિયા ૪૫/- ની ટીકીટ ચોટાડીને કવરના હેડીંગ ઉપર અરજીની જગ્યાનું નામ અવશ્ય લખવાનું રહેશે અધુરી અને આધાર વિનાની અરજી અમાન્ય ગણવામાં આવશે. ભરતી અંગેની વિગતવાર માહિતી **હિંમતનગર કેળવણી મંડળ** ની વેબ-સાઈટ www.hkmhimatnagar.in ઉપર મુકવામાં આવેલ છે.

બિનઅનામત કેટેગરી માટે અરજી કરનાર ઉમેદવારે Rs. ૫૦૦/- અને અનામત કેટેગરી માટે Rs. ૪૦૦/- નો "હિંમતનગર કેળવણી મંડળ" ના નામનો ડીડી અવશ્ય મોકલવાનો રહેશે.

વય મર્યાદા: અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદા ૨૦ થી ૩૫ વર્ષ (દિવ્યાંગજન માટે ૨૦ થી ૪૫ વર્ષ) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ રહેશે.

શૈક્ષણિક લાયકાત : માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક અને કોમ્પ્યુટરની લાયકાત અવશ્ય ધરાવતા હોવા જોઈએ

અરજી કરવાનું સરનામું – પ્રમુખશ્રી/મંત્રીશ્રી, હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર
C/O હિંમત હાઇસ્કુલ, સ્ટેશન રોડ, હિંમતનગર, જી- સાબરકાંઠા, ગુજરાત પીન કોડ –૩૮૩૦૦૧